નર્મદા મુખ્ય નહેર કુરેજા ઓફટેક પોઈંટ આધારિત પાટણ જીલ્લાના સમી અને હારીજ તાલુકાની સમી-શંખેશ્વર પાઈપ લાઈન પ્રોજેક્ટ અને સમી-હારીજ સુધારણા જુથ પાણી પુરવઠા યોજનાને સુધારેલ વહીવટી મંજૂરી ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૪ હેઠળ આપવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ નં.વીડબલ્યુએસ/૧૦૨૦૧૩/૯૮૮(પાર્ટ ફાઇલ)/ ખ.૪,
સચિવાલય, ગાંધીનગર,
તા. /૦૭/૨૦૧૯
03 AUG 2019

વંચાણે લીધાઃ-

૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક જીએનવી/૧૦૦૭/એફએમ૪-એ(બીપીઇ) તા.૧૪/૩/૨૦૦૮ તથા એફએમ૪-એ તા.૨૮/૭/૨૦૦૮ અને તા.૩૦/૧૨/૨૦૦૮
૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ઠરાવ નં.વહટ/૧૦૨૦૧૩/૯૮૮/ ખ.૪ તા.૦૫/૦૩/૨૦૧૪
૩) ભારત સરકારના D.O.No.W-11011/32/2015-Water-I, તા.૧૩/૧૧/૨૦૧૭
૪) પાણી પુરવઠા બોર્ડની સભ્ય મંડળની ૨૬૫મી બેઠક તારીખ ૧૪/૦૨/૨૦૧૮
૫) પાણી પુરવઠા બોર્ડની સીંગલ ફાઈલથી મળેલ તા.૨૩/૦૧/૨૦૧૯ની દરખાસ્ત

**પ્રસ્તાવના:**

પાટણ જીલ્લાના સમી અને હારીજ તાલુકાના કુલ ૧૩૧ ગામોને નર્મદા નહેર આધારિત એસએસડબલ્યુપી-૧ (સમી શંખેશ્વર જુથ પાણી પુરવઠા યોજના) યોજના મારફતે પાણી પુરવઠો પુરો પાડવામાં આવી રહેલ છે. હયાત યોજના ૧૯૮૧ ની વસ્તી ગણતરી અને ૭૦ લી./વ્યક્તિ/પ્રતિદિનમુજબ બનાવવામાં આવેલ છે. પાટણ જીલ્લાના ગામોની વસ્તીમાં થયેલ વધારાના કારણે હયાત યોજના મારફતે પુરતું પાણી આપવામાં મુશ્કેલી જણાતી હોવાથી તેમજ સમી-હારીજ જુથ યોજનાની જુની એ.સી. પાઈપ લાઈન બદલવાની જરુરીયાત હોય સમી, હારીજ તાલુકાના ૧૩૧ ગામોની હયાત વસ્તીને પુરતું પાણી આપી શકાય તે માટે, સમી- શંખેશ્વર પાઈપ લાઈન પ્રોજેક્ટ અને સમી-હારીજ સુધારણા પાણી પુરવઠા યોજનાને અંદાજિત કિંમત રૂ ૭૬૪૨.૦૯ લાખ માટે વંચાણે લીધા. ક્રમાંક-૨થી એનઆરડીડબલ્યુપી (ડીડીપી) કાર્યક્રમ હેઠળ વહીવટી મંજૂરી આપવા આવેલ. સંદર્ભ-(૩)ના પત્ર પ્રમાણે NRDWP ના કરવામાં આવેલ Restructuring ધ્યાને લઈ હેડ બદલવાના રહે છે. યોજનાના અમલીકરણ સમયે અંદાજિત યોજના કિંમતની સામે ૧૦ ટકા

કરતા ખર્ચ વધી જતો હોય સમી શંખેશ્વર પાઈપલાઈન પ્રોજેક્ટ સમી-હારીજ સુધારણા જુથ પાણી પુરવઠા યોજનાને અંદાજિત કિંમત રૂ. ૧૦૨૬૯.૩૩ લાખ નેટ માટે અગાઉના ખર્ચને એનઆરડીડબલ્યુપી (ડી.ડી.પી) ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૦ હેઠળ તથા વધારાના ખર્ચ/અંદાજને એનઆરડીડબલ્યુપી (કવરેજ) ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૪ હેડ હેઠળ સુધારેલ વહીવટી મંજુરીની દરખાસ્ત વંચાણે લીધા (૫) થી મળેલ જેને સુધારેલ વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાના અંતે નર્મદા મુખ્ય નહેર કુરેજા ઓફટેક પોઈંટ આધારિત સમી-શંખેશ્વર પાઈપ લાઈન પ્રોજેક્ટ અને સમી-હારીજ સુધારણા જુથ પાણી પુરવઠા યોજના અંદાજિત કિંમત રૂ. ૧૦૨૬૯.૩૩ લાખ નેટ પૈકી અગાઉના ખર્ચને એનઆરડીડબલ્યુપી (ડી.ડી.પી) ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૦ હેડ તથા વધારાના ખર્ચ/અંદાજને એનઆરડીડબલ્યુપી (કવરેજ) ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૪ હેડ હેઠળ વંચાણે લીધેલ સંદર્ભ-૨ ની શરતો ને આધીન સુધારેલ વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ સુધારેલ વહીવટી મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી (પા.પુ.) ની તા.૦૭/૦૩/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ:યોજનામાં સમાવિષ્ટ ઘટકોની તારીજ

(ડૉ. ધીમંત વ્યાસ)
મુ.ઈ. (યો.) અને અ.સ.શ્રી
ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રી ના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.( અલગથી પત્ર દ્વારા )
- માન.મુખ્ય મંત્રીશ્રીનાં અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પા.પુ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજય કક્ષાનામંત્રીશ્રી (પા.પુ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના રહસ્ય સચિવશ્રી નાંણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પા.પુ.)ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી (પ્લાનીંગ/ ટેકનીકલ સેલ) ગુજરાત પાણી પુરવઠા અને ગ. વ્ય. બોર્ડ
- મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૨ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,અમદાવાદ
- કલેક્ટરશ્રી, પાટણ
- સેકશન અધિકારીશ્રી/ સિલેક્ટ ફાઇલ

ઠરાવ નં.વહટ/૧૦૨૦૧૩/૯૮૮(પાર્ટ ફાઇલ)/ ખ.૪, નું બિડાણ

નર્મદા મુખ્ય નહેર કુરેજા ઓફટેક પોઈંટ આધારિત સમી-શંખેશ્વર પાઈપ લાઈન પ્રોજેક્ટ અને સમી-હારીજ સુધારણા જુથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ ઘટકોની તારીજ (સુધારેલ વહીવટી મંજૂરી)

| અનુ.નં. | વિગત | અંદાજિત કિંમત રૂા કરોડમાં |
|---|---|---|
| ૧ | વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સીવીલ તથા પાઇપ લાઇનના કામો (પેકેજ -૧) | ૯૦.૨૪ |
| ૨ | ઇન્ટેક સ્ટ્રકચર (પેકેજ -૨) | ૧.૪૯ |
| ૩ | એચ.આર. થી ઇન્ટેક સ્ટ્રકચર સુધીની એમએસ પાઇપ લાઇન (પેકેજ -૩) | ૦.૫૬ |
| ૪ | ઇલેક્ટ્રો-મીકેનીકલ કામગીરી (પેકેજ -૪) | ૪.૮૪ |
| ૫ | અન્ય યોજનાકીય ખર્ચ (વિજળીકરણ, જમીન સંપાદન વગેરે) | ૫.૫૬ |
| | કુલ | ૧૦૨.૬૯ |

(ડો. ધીમંત વ્યાસ)
મુ.ઈ. (યો.) અને અ.સ.શ્રી
ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ